# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૩૦/૭/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા સુરત સ્માર્ટ સિટી – વિઝન ૨૦૩૦ અંતર્ગત 'સુરત ડાયમંડ બુર્સ' વિશે મહત્વનો વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૯ જુલાઇ ૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સુરત સ્માર્ટ સિટી – વિઝન ૨૦૩૦ અંતર્ગત બીજા એપીસોડ તરીકે 'સુરત ડાયમંડ બુર્સ' વિષય ઉપર ૯૪માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સુરત ડાયમંડ બુર્સના આર્કિટેક્ટ તેમજ મોર્ફોજીનિસિસના પ્રોજેકટ્સ ડાયરેક્ટર શ્રી નિતિન બંસલે બિલ્ડીંગની ડિઝાઇનીંગ માટે ૬૫ હજાર લોકોને તથા ટ્રાફિકને મેનેજ કરવાની યુનિક ચેલેન્જીસ તથા સમગ્ર કન્સ્ટ્રકશન વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, મુંબઇમાં ભારત ડાયમંડ બુર્સ ખાતે ઓફિસ રાખવી ખૂબ જ ખર્ચાળ હોઇ નાના વેપારીઓ ત્યાં ધંધો કરી શકે તેમ ન હોવાથી સુરતને ડાયમંડ ટ્રેડીગ હબ બનાવવાનું નકકી કર્યુ હતુ. મોટા વેપારીઓ મુંબઇ અને સુરત ખાતે ઓફિસ રાખીને ડાયમંડનું ટ્રેડીગ કરતા હોવાથી તેઓને બે જગ્યાએ ખર્ચ કરવો પડે છે. આથી સુરત ડાયમંડ બુર્સ બન્યા બાદ વેપારીઓ સુરતમાં એક જ સ્થળે ઓફિસ રાખીને ટ્રેડીગ કરશે તો પ્રોડકશન કોસ્ટ ઘટશે અને સુરતના હીરા વેપારીઓને ફાયદો થશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આ પ્રોજેકટને કારણે સુરતમાં ૫૦ હજારથી વધુ લોકોને રોજગારીની નવી તકો ઉભી થશે. કોવિડ– ૧૯ને કારણે આ પ્રોજેકટ પૂર્ણ કરવા માટે થોડુ મોડુ થશે પણ સુરતના વિકાસ માટે સુરત ડાયમંડ બુર્સ ગ્રોથ એન્જીન બની રહેશે.

શ્રી નિતિન બંસલે આ પ્રોજેકટને સાકાર કરવા માટે ધ્યાને લીધેલી ટ્રાફિક મેનેજમેન્ટ અને પીપલ મેનેજમેન્ટના કોન્સેપ્ટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, સુરત ડાયમંડ બુર્સમાં ૪૫૦૦ ઓફિસ રહેશે. આ બિલ્ડીગમાં ૬૫ હજાર લોકોને તથા ટ્રાફિકને મેનેજ કરવાની યુનિક ચેલેન્જીસને ધ્યાને લઇને બિલ્ડીગની ડિઝાઇન બનાવવામાં આવી છે. આ બિલ્ડીગમાં જુદા–જુદા ટાવરમાં ૩૦૦ સ્કવેર ફૂટ, ૧ હજાર સ્કવેર ફૂટ અને ૭૫ હજાર સ્કવેર ફૂટની ઓફિસ બનાવવામાં આવી રહી છે. તેમણે કહયુ હતુ કે, કોવિડ– ૧૯ને કારણે ત્રણથી ચાર મહિનાનો સમય વધારે લાગશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ફયૂચર પ્રુફ બિલ્ડીગમાં બધી ઓફિસ ડેમોક્રેટીક હોવી જોઇએ, જ્યાં બધી ફેસિલિટી બધા માટે કોમન હોય તે બાબતને ડિઝાઇનીગમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. ફૂટબોલ સ્ટેડીયમમાં એન્ટ્રી અને એકઝીટ માટે દોઢથી પોણા બે કલાક લાગે છે, ત્યારે આ બિલ્ડીગમાં કોઇપણ વ્યકિત ગેટથી ઓફિસ સુધી છથી સાત મિનિટમાં પહોંચે તે રીતે ડિઝાઇન કરવામાં આવ્યુ હતુ.

શ્રી બંસલે વધુમાં કહયું હતું કે, આ બિલ્ડીગમાં પાંચ હજાર ફોર વ્હીલર અને દસ હજાર ટુ વ્હીલર માટે વિશાળ પાર્કીગ બનાવવામાં આવશે તેમજ ૨૨થી ૨૩ કિલોમીટરનો લાંબો પેસેજ રહેશે. ઓફિસ શોધવા માટે લાઇટીંગ, પેટર્ન, સાઇનેજ અને લેન્ડસ્કેપનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ડાયમંડ ક્લબ બિલ્ડીગ પણ બનાવવામાં આવી રહી છે, જ્યાં એક હજાર જેટલા લોકો બેસી શકશે.

સમગ્ર વેબીનારનું સંચાલન ચેમ્બરની સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી નિલેશ શાહે સુપેરે પાર પાડયુ હતું. ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુક્લએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.